## ફોજદારી કેસ નં.-૩૨૧૫/૨૦૧૯

**<u>આંક-૧ તળે હુકમ</u>**

સદર કામમાં ફરીયાદીએ આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ કલમ ૧૩૮ મુજબની ફરીયાદ આપેલી છે અને સદર કામમાં આરોપીને પ્રોસેસ કાઢતા બજેલ નથી. જેથી કામ ઘણા સમયથી આરોપીના નવા સરનામાના ખુલાસા પર ચાલે છે. ફરીયાદી સદર કામે સતત ગેરહાજર રહેલ છે. ફરીયાદી તર્ફે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી. ફરીયાદીને હાજર રહેવા વારંવાર તક આપવા છતા ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલા નથી. આરોપી ઉપર પ્રોસેસ બજવવા માટે કોઈ પગલા લીધા નથી. આ ફરીયાદ પોલીસ પેપર્સ સિવાય દાખલ થયેલ ખાનગી ફરીયાદ છે અને  દરમુદતે ફરીયાદી અને તેમના વિ.વ.શ્રી એ હાજર રહેવુ ફરજીયાત છે તેમ છતા આ કામમાં ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે કામ ચલાવવામાં તસ્દી લીધેલ નથી. છેલ્લે ફરીયાદીને હાજર રહેવા અત્રેની કોર્ટ તરફે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જેમા ફરીયાદીને નોટીસ બજી ગયેલ હોવા છતા હાજર રહેલ નથી. તે સંજોગોમાં સી.આર.પી.સી. કલમ ૨૫૬ ની જોગવાઈ ધ્યાને લઈ આ ફરીયાદ ફરીયાદીની ગેરહાજરીના કારણે કાઢી નાંખવાનો હુકમ ફરમાવુ છુ.

મુ. - સુરત
તા.-૦૯/૧૨/૨૦૨૩

(એસ.એ.ગલેરીયા)
એડી.ચીફ જ્યુડીશીયલ.મેજીસ્ટ્રેટ.સુરત
કોડ નં. GJ00731